# માંડવી શહેરમાં પ્રવાસનક્ષેત્રનો વિકાસ: એક વિશ્લેષણ

**હેમલ હેડાઉ[1] & ડો. કલ્પના સતીજા[2]**

[1]સંશોધન કર્તા, એમ ફિલ વિદ્યાર્થીની, કે એસ કે વી કચ્છ યુનીવર્સીટી

[2]અધ્યક્ષ, માનવવિદ્યા વિભાગ, કે એસ કે વી કચ્છ યુનીવર્સીટી

Received: March 05, 2018 Accepted: April 07, 2018

- **પ્રસ્તાવના**

વિશ્વમાં પ્રવાસન એક ઝડપથી વિકસતો ઉદ્યોગ છે જે દેશના સામાજિક-આર્થિક વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે. એશિયા અને તેમાંય ખાસ કરીને ભારત એક લોકપ્રિય પ્રવાસન સ્થળ તરીકે વિકસ્યો છે જે દુનિયાભરના પ્રવાસીઓને પોતાની તરફ આકર્ષે છે. ઉત્તરમાં હિમાલયની ચોતરફ અને ત્રણેય બાજુ પાણીથી ઘેરાયેલો ભારત જુદી-જુદી જગ્યાઓ જોવા અને માણવા માટે પ્રવાસીઓને તક પુરી પાડે છે.

પ્રાચીન સમયમાં હિન્દુઓ,મુસલમાનો,ખ્રિસ્તીઓ અને યહુદીઓ પોતપોતાની ધાર્મિક માન્યતાઓને અનુસરવા પવિત્ર સ્થાનોની યાત્રાએ જતાં હતા. પરંતુ સાંપ્રત સમયમાં પ્રવાસનના હેતુઓ બદલાયા છે,હવે ધાર્મિક પ્રવાસન ઉપરાંત પૌરાણીક અને વારસાગત પ્રવાસન,સાંસ્કૃતિક પ્રવાસન,ઘટના આધારિત પ્રવાસન,ધંધાકીય પ્રવાસન,મનોરંજન અને આનંદપ્રમોદદાયક પ્રવાસન,વન્યજીવ પ્રવાસન અને કલ્યાણલક્ષી પ્રવાસન જેવા પ્રવાસનના સ્વરૂપો વિકસ્યાં છે. આ દિશામાં ભારત પણ આગળ વધી શકે તે માટે ભારત સરકારે “ઇન્ડિયન ટુરિઝમ ડેવલોપમેન્ટ કોર્પોરેશન” ની સ્થાપના કરી છે.ભારતમાં પ્રવાસન બીજા ક્રમનું સૌથી મોટું વિદેશી હુંડીયામણનું સ્રોત છે.ભારતીય પર્યટન મંત્રાલયના જાનયુઆરી ૨૦૧૬ના રજુ કરેલા આંકડાઓ મુજબ ૨૦૧૫માં કુલ ૮૦.૧૬ લાખ વિદેશી પર્યટકો ભારત પ્રવાસ પર આવ્યા હતા અને તેમાંથી ૧૯.૬૭૬ અરબ ડોલર વિદેશી હુંડીયામણ પ્રાપ્ત થયું હતું.૨૦૧૪માં ૨૦,૨૩૬ અરબ ડોલર વિદેશી હુંડીયામણ પ્રાપ્ત થયું હતું.

ભારત સરકારે પર્યટન ક્ષેત્રના વિકાસ માટે ૧૧૩ દેશોના નાગરિકો માટે ૧૬ વિમાનીમથકો પર ઈ-પ્રવાસી વીઝાની સુવિધા શરૂ કરી છે.”અતુલ્ય ભારત” જાહેરાત દ્વારા વિદેશી નાગરિકોને ભારત પ્રવાસ માટે આકર્ષવામાં આવે છે.રાજ્ય સરકારો દ્વારા પણ પર્યટન વિકાસ માટે પ્રયત્નો શરૂ થયા છે.(ઉ.દા. ગુજરાત : “કુછ દિન તો ગુજારો ગુજરાત મેં”) તે સિવાય મેડીકલ ટુરીઝમ નો પણ છેલ્લા કેટલાક વર્ષોમાં સારો એવો વિકાસ થયો છે. ભારત પાસે સયુંકત સંસ્કૃતિ છે. બીજા શબ્દોમાં કહીએ તો ભારત વિવિધ સંસ્કૃતિઓનો સમુહ છે. અહીં કલા,ધર્મ અને ફિલોસોફીનું અદભૂત મિશ્રણ છે. ભલે ભારતને આક્રમણકારી સ્થિતિનો સામનો કરવો પડ્યો છે પરંતુ બાહ્ય પ્રભાવને પણ શ્રેષ્ઠ રીતે ગ્રહણ કર્યા પછી પણ ભારતે પોતાનો પ્રાચીન વારસો જાળવી રાખ્યો છે,જેમાં ખ્રીસ્તી,બૌદ્ધ,ઈસ્લામ,હિન્દુ,જૈન,શીખ અને પારસી ધર્મ જેવી ધાર્મિક વિવિધતાઓ ભારતમાં સહઅસ્તિત્વ ધરાવે છે અને ભારતની આજ બિનસાંપ્રદાયિકતા અને સંસ્કૃતિ સમગ્ર વિશ્વના લોકોને ભારતમાં પ્રવાસન માટે આકર્ષે છે.

- **સમસ્યાકથન:-**

માંડવી એક એવો વિસ્તાર છે, જ્યાં ઉદ્યોગ થઈ શકે તેમ નથી કારણકે વર્તમાનમાં પરિવહન અતિ ખર્ચાળ બની ગયું છે. તેથી વિકાસના એક માર્ગ તરીકે પ્રવાસન ક્ષેત્ર ઉપયોગી સાબિત થઈ શકે. માંડવીમાં ઘણા પ્રવાસનસ્થળો આવેલા છે જેમાં માંડવીબીચ,વિજયવિલાસ પેલેસ,ક્રાંતિતીર્થ વગેરેનો સમાવેશ થાય છે,પરંતુ મુખ્ય સમસ્યા એ છે કે આ પ્રવાસનસ્થળોનો સ્થાનિક વિભાગ દ્વારા યોગ્ય રીતે વિકાસ નથી કરવામાં આવ્યું જેના કારણે માંડવી એક પ્રવાસનક્ષેત્ર તરીકે હજુ પછાત અવસ્થામાં છે. અહીંનું સુંદર રમણીય બીચ જે ખુબજ પ્રખ્યાત છે, તેમાં પણ યોગ્ય માળખાકીય સગવડોના અભાવે યોગ્ય વિકાસ સાધી શકાયું નથી જેની નકારાત્મક અસરો અહીં બીચની મુલાકાતે આવતા પ્રવાસીઓ અને અહીંના સ્થાનિક ધંધાર્થીઓ પર પણ પડે છે.

- **સાહિત્યસંદર્ભ:-(Review of litreature)**

**K.C SHAMBHU & JHABINDRA GEAALI 2014”Analyazing socio-economic impacts of tourism”**નામના પોતાના અભ્યાસમાં જણાવે છે કે પ્રસ્તુત અભ્યાસનો પ્રથમ ઉદેશ્ય પ્રવાસનની લુમબીપ્રદેશના સંદર્ભમાં કયા પ્રકારની સામાજિક-આર્થિક અસરો થાય છે તે તપાસવાનો છે. તથા બીજો ઉદેશ્ય વર્તમાન વ્યાપાર પર્યાવરણને બદલવામાં તેની શી ભૂમિકા છે તે જાણવાનો છે.આ સંશોધનના પરિણામો દર્શાવે છે કે,લુમબીપ્રદેશમાં પ્રવાસનના વિકાસના કારણે આર્થિક સમૃદ્ધિમાં વધારો થયો છે

અને આ વધારાને લીધે ત્યાંના સ્થાનિક અર્થતંત્ર પર પણ અસર પડી છે,જે આ સંશોધન પરિણામો દ્વારા સાબિત થયું છે. જેમાં મુખ્ય ભુમિકા તરીકે પ્રવાસન,તેનું વિકાસ,સંચાલન,નેપાળ સરકારની પ્રવાસન અંગેની નીતિઓ,લુમબી પ્રદેશની સ્થાનિક જવાબદારીઓ વગેરેનું ઘણું મોટું ફાળો રહ્યો છે, તેમ આ સંશોધન અભ્યાસ જણાવે છે.**GEETHIKA NAYOMI & W.K.ATHULA GNANAPALA"Socio-economic impacts on local community through tourism development"**નામના પોતાના અભ્યાસના સર્વેક્ષણ મુજબ પ્રવાસનએ ઝડપથી વિકસતું અને વિસ્તરતું ક્ષેત્ર છે. પ્રવાસનને લીધે વિદેશી ચલણમાં ઝડપથી વૃદ્ધિ, અંત: સ્તરીય માળખું,રોજગારીની તથા સ્વરોજગારીની અવનવી તકો,સ્થાનિક વિકાસ,બિઝનેસની નવી તકોનું સર્જન આ બધા જ ક્ષેત્રને પ્રવાસન અસર કરે છે કે જેના કારણે અર્થતંત્રમાં હકારાત્મક આર્થિક અને સામાજિક ફેરફારો સર્જાય છે.**P.L PEAREE 1994"Tourism resident impacts: example,explanation and emerging solution"**પ્રસ્તુત સંશોધન અભ્યાસ મુજબ પ્રવાસનક્ષેત્રના વિસ્તરણને લીધે રહેઠાણની સમસ્યાઓ,સંચાલન,સ્થાનિક ઈક્વિટી તથા શિક્ષણ અને તાલીમની સમસ્યાઓ વગેરેનું નિવારણ લાવી શકાય છે.તે સિવાય આ સંશોધનમાં પ્રવાસી-નિવાસીની અસરો,તેમની ક્રિયાપ્રતિક્રિયા અને તેમની મહત્તમ સામાજિક,આર્થિક અને સાંસ્કૃતિક અસરોની ચર્ચા કરવામાં આવી છે અને આ ચર્ચાને અંતે આ અસરો કેવી રીતે એક સમાજ અને ત્યાંના સ્થાનિક સમુદાય પર પ્રભાવ પાડે છે તેની પણ છટણી કરવામાં આવી છે.**MUNEET KUMAR 1992"The tourism is an economic activity"**નામના પોતાના સંશોધન અભ્યાસમાં પ્રવાસનને ખાસ કરીને એક આર્થિક સાધન તરીકે વિદેશી કમાણીના એક સ્ત્રોત તરીકે ભાર મુકે છે. તેમણે પ્રવાસન વિકાસ અને તેના પાંસાઓ પર અભ્યાસ કર્યો છે. વિદેશી વિનિમય કમાણી સિવાય પ્રવાસન સામાજિક અને સાંસ્કૃતિક વિકાસના માધ્યમ તરીકે પણ મહત્વની ભૂમિકા ભજવે છે અને રોજગારનું પ્રમોટર પ્રવાસન રાષ્ટ્રો વચ્ચેના શાંતિપૂર્ણ સંબંધોને ધ્યાને રાખીને એ રીતે પ્રોત્સાહન આપે છે. **ET AL RAY 2012"Rural tourism in west bengalindia"** નામના પોતાના સંશોધનમાં ભારતના ગ્રામીણ પ્રવાસન,સ્થાનિક અર્થતંત્ર,સામાજિક-સાંસ્કૃતિક પરિવર્તન અને લોકોની રીતભાતનો અભ્યાસ કર્યો છે. અને ઉપરોક્ત બધા પાંસાઓ પર પ્રવાસન કઈ રીતે અસર કરે છે તેની પણ વિસ્તૃત માહિતી આ સંશોધનમાં આપવામાં આવી છે. તે સિવાય આ અભ્યાસમાં ગ્રામીણ પ્રવાસન અને યાત્રાધામ પ્રવાસનનું તુલનાત્મક રીતે પણ અભ્યાસ કરવામાં આવ્યું છે અને તેના તારણો પરથીપ્રવાસન કઈ રીતે સામાજિક-સાંસ્કૃતિક વિકાસની પ્રક્રિયામાં ભાગીદાર બની શકે તેનું પણ વિવરણ કરવામાં આવ્યું છે.

- **<u>અભ્યાસના હેતુઓ:-(Objectives of study)</u>**
  - ➢ માંડવીની એક પ્રવાસન ક્ષેત્ર તરીકેની સ્થિતિ જાણવી.
  - ➢ અહીં મુલાકાતે આવતા પ્રવાસીઓની સમસ્યાઓ જાણવી.
  - ➢ પ્રવાસીઓની સમસ્યાના નિવારણ માટેના ઉપાયો સુચવવા.
- **<u>પ્રવાસનની વ્યાખ્યા:-(Defination of tourism)</u>**

  "પ્રવાસન એટલે ઓછામાં ઓછા ચોવીસ કલાકનો નિવાસ કરનાર હંગામી મુલાકાતની પ્રવૃતિ કે જેનો ઉદેશ્ય આનંદ-પ્રમોદ,આરામ,વ્યવસાય કે કુટુંબ સાથે વિહાર કરવાનો હોઈ શકે.
- **<u>ગુજરાતમાં પ્રવાસન:-(Tourism in gujarat)</u>**

ગુજરાત સરકારે 1973માં પ્રવાસન ઉદ્યોગને ઉતેજન આપવા માટે "ગુજરાત પ્રવાસન વિભાગ"ની સ્થાપના કરી. ત્યારબાદ 1978માં "ગુજરાત પ્રવાસન કોર્પોરેશન"ની સ્થાપના કરવામાં આવી. ટુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાતે ગુજરાતને આઠ કેન્દ્રોમાં વહેચી દીધું છે કે જેનો હેતુ પ્રવાસનક્ષેત્રોનો વિકાસ થાય તેમજ પ્રવાસીઓની સગવડોમાં વધારો થાય. આ આઠ કેન્દ્રોમાં માહિતિસંચાર,વાહનવ્યવહાર,આતિથ્ય સત્કાર,દાક્તરી સગવડો,વાણિજ્યની સગવડો વગેરે માળખાગત સગવડોની વ્યવસ્થા કરેલ છે. ટીસીજી દ્વારા રાજ્યના વિવિધ જીલાઓ અને શહેરોમાં પ્રવાસન સંબંધી પ્રવૃતિઓ વિકસે તે હેતુથી અવનવા પ્રવાસનના કાર્યક્રમો અમલમાં મુકવામાં આવ્યા છે.ગુજરાતે આર્થિક અને સામાજિક વિકાસના એન્જીન તરીકે પ્રવાસનક્ષેત્રને વિકસાવવાની શરૂઆત કરી,નવા નવા પ્રોજેક્ટો રજુ કરી વિકાસની નવી કેડી કંડારી સમગ્ર દેશમાં સૌ પ્રથમ પ્રવાસન ક્ષેત્રને વિવિધ ટુરીઝમ હબમાં તબદીલ કરેલ છે. વિવિધ પ્રવાસનના બહોળા વિકાસ કાર્યક્રમમાં ઉત્તમ રાજ્યનો 'નેશનલ ટુરીઝમ ૨૦૧૨-૧૩' એવોર્ડ ગુજરાતના પ્રવાસન વિભાગને કેન્દ્ર સરકાર તરફથી એનાયત કરવામાં આવ્યો છે. આ વિભાગની વિભાગકીય શક્તિ નીચે મુજબ છે:

**(1) ધાર્મિક પ્રવાસન(Religious tourism):-** ધાર્મિક સ્થળોમાં સોમનાથ, દ્વારકા, પાલીતાણા, ડાકોર, ગીરનાર, વીરપુર, મહુડી,ઉદવાડા, અક્ષરધામ, પાવાગઢ, અંબાજી માતાજીનું મંદિર વગેરે જેવા અનેક જોવાલાયક સ્થળો આવેલા છે.

**(2) પૌરાણિક અને વારસાગત પ્રવાસન(Archeological & Heritage tourism):-** ગુજરાતમાં ચાંપાનેર, લોથલ, ધોળાવીરા, પૌરાણિક બુદ્ધ સ્થળો, અતિ પ્રાચીન અર્વાચીન કિલ્લાઓ અને મહેલો જેમાં ખાસ કરીને અમદાવાદ અને કચ્છમાં આવેલા પેલેસો નો સમાવેશ થાય છે. તે સિવાય મહેલોને હોટેલમાં બદલેલ સાથેની ૨૦ વારસાગત હોટલોનો સમાવેશ થાય છે.

**(3) સાંસ્કૃતિક પ્રવાસન(Cultural tourism):-** ગુજરાત સમૃદ્ધ હસ્તકલાનો પ્રદેશ છે. જેમાં પટોળાનું વણાટકામ, ખાદી, બાંધણી, ભરતકામ, બ્લોકચિત્ર, રોગાન ચિત્રકામ, માતાની પછેડી, લાકડાનું હુન્નર, ધાતુનું હુન્નર, પોટરી અને પીઢોરા વગેરેનો સમાવેશ થાય છે. તે સિવાય ગુજરાતમાં વિવિધ પ્રકારનો જનસમુદાય આવેલો છે જેમાં કચ્છના રણમાં આવેલા ગોવાળાઓ,સાબરકાંઠા તથા બનાસકાંઠાના રહેવાસીઓ, છોટા ઉદેપુર, અને ડાંગની પહાડી જાતિઓ વગેરેનો સમાવેશ થાય છે.

**(4) ઘટના આધારિત પ્રવાસન(Event Based tourism):-** અજોડ તહેવારો અને મેળાઓ આધારિત પ્રવાસન પ્રવૃતિઓને ઘટના આધારિત પ્રવાસન કહેવામાં આવે છે, જેમ કે નવરાત્રી, ઉતરાયણ, શરદપૂનમ, મહાશિવરાત્રીના મેળાઓ, ક્વાટનો મેળો વગેરેનો સમાવેશ થાય છે. ગુજરાત સરકારે રણ ઉત્સવ, મોઢેરા ડાન્સ ફેસ્ટીવલ, આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવ, વાઈબ્રન્ટ ગુજરાત વગેરે જેવા સફળ ઘટના આધારિત પ્રવાસનનું આયોજન પર પાડ્યું છે.

**(5) ધંધાકીય પ્રવાસન(Business tourism):-** ગુજરાત રોકાણમાં આગળ પડતું રાજ્ય છે અને આધુનિક સમયમાં મોટા પ્રમાણમાં ઉદ્યોગપતિઓ અને વિદેશીઓને ગુજરાતમાં રોકાણ માટે આકર્ષેયા છે. જેને પરિણામે ધંધાકીય પ્રવાસનનો અભૂતપૂર્વ વિકાસ થયો છે.રાજ્ય માં ધંધાકીય પ્રવાસન ઉદ્યોગ વિકસવાને લોધે અતિથિસત્કાર ઉદ્યોગને વેગ મળ્યો છે.

**(6) મનોરંજન અને આનદપ્રમોદદાયક પ્રવાસન(Entertainment and Recreational tourism):-** ગુજરાતમાં લાંબો દરીયાકીનારો આવેલો છે, જેમાં સારા બીચ આવેલા છે.સાપુતારા હિલ સ્ટેશન ઉપરાંત દક્ષિણ, પૂર્વ, અને ઉત્તર ગુજરાતમાં અનેક પર્વતીય સ્થળો આવેલા છે. ભારતનું પ્રથમ મલ્ટીપ્લેક્સ ગુજરાતના ગાંધીનગરમાં આવ્યું. તે સિવાય ગુજરાતમાં મહેસાણા નજીક ભારતનો પ્રથમ “વોટર પાર્ક” સ્થપાયો છે. એજ રીતે અમદાવાદમાં ભારતનું પ્રથમ “Drive In” થીએટર તથા સાયન્સ સિટીમાં IMAX થીયેટર આવેલા છે જે પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

**(7) વન્યજીવ પ્રવાસન(Wildlife tourism):-** ગુજરાત પાસે ચાર નેશનલ પાર્ક અને ૨૧ આશ્રયસ્થાનો છે(sanctuaries)એશિયાટિક સિહો ભારતીય જંગલી ગધેડા, ગુડ્ખર અને સારસ જેવા સુંદર પક્ષીઓ જોવા મળે છે. કચ્છનો અખાત એ ભારતનો પ્રથમ દરિયાઈ નેશનલ પાર્ક છે.(કચ્છનો અબડાસા તાલુકોએ થોડાક સ્થળો પૈકીનો એક છે, જ્યાં, ભારતીય ઘોડાર પક્ષીનો ઉછેર થાય છે.

**(8) કલ્યાણલક્ષી પ્રવાસન(Well Being tourism):-** ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, નડિયાદ વગેરે સ્થળોએ વૈશ્વિક સ્તરની હોસ્પિટલો આવેલી છે. આ હોસ્પિટલોમાં વિશાળ સંખ્યામાં બિન –નિવાસી ભારતીઓ સારવાર અર્થે આવે છે. એ સિવાય ગુજરાતમાં આર્યુવેદીક કોલેજો અને ફાર્મસી સ્થપાઈ છે.ભારતમાં આર્યુવેદિક અભ્યાસમાં જામનગર સૌથી મહત્વના સ્થળોમાનું એક છે. એ સિવાય રાજ્યમાં નેચરોપથી, હોમીયોપથીક વગેરેના કેન્દ્રો આવેલા છે.

“Experience is the best teacher”ની કહેવત મુજબ લોકોમાં જાતે જગતને જોવું અને જાણવુંનો ખ્યાલ વિકસ્યો છે. જેનું મહત્વ ગુજરાતની મુલાકાતે આવેલ પ્રવાસીઓ અંગેની આંકડાકીય માહિતી તરફ દ્રષ્ટીપાત કરતાં વધુ સ્પષ્ટ થશે.

**ગુજરાતમાં પ્રવાસીઓની સંખ્યા(લાખમાં)**

| ક્રમ | વિગત | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગુજરાતી | ૧૧૧.૨૮ | ૧૨૨.૮૫ | ૧૩૦.૭૭ | ૧૫૦.૫૨ | ૧૯૧.૭૬ |
| ૨ | અન્ય રાજ્ય | ૨૭.૬૬ | ૩૨.૨૭ | ૩૬.૨૪ | ૪૩.૫૫ | ૪૭.૨૮ |
| ૩ | NRI | ૨.૨૯ | ૨.૯૫ | ૩.૧૦ | ૩.૯૫ | ૪.૬૦ |
| ૪ | કુલ | ૧૪૧.૨૩ | ૧૫૮.૦૭ | ૧૭૦.૧૧ | ૧૯૮.૧૨ | ૨૨૩.૬૪ |

Source : Statastical Abstract Of Gujarat State-2012

- **ગુજરાતમાં પ્રવાસન વિકાસની રૂપરેખા: (વિવિધ જિલ્લાઓના સંદર્ભે)**

➢ ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોમાં મેડીકલ ટુરીઝમ નો સારો એવો વિકાસ થયો છે. રાજ્યમાં અમદાવાદ અને વડોદરા જેવા શહેરોની વાત કરિએ તો આવા શહેરોમાં આવેલી હોસ્પિટલોમાં ઉચ્ચ ગુણવત્તા અને નીચી પડતરથી સર્જરીની સગવડોમાં વધારો થયો છે. જેથી બિન નિવાસી ભારતીઓને સારવાર અર્થે લાભ થાય છે.

- ગુજરાત સરકારે અંદાજપત્રમાં પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટે ઘણી સારી નાણાકીય જોગવાઈ કરી છે તેમજ રાજ્યના વિવિધ જીલ્લાઓમાં માળખાકીય સગવડોને વિસ્તારવા ખાનગી કંપનીઓને આવકારી છે, જેના કારણે કચ્છ અને તેના જેવા જિલ્લાઓમાં પ્રવાસન પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળે.
- પ્રવાસન ક્ષેત્રના પ્રચાર અને પ્રસાર માટે ફિલ્મ મેગાસ્ટાર શ્રી અમિતાભ બચ્ચન જેવા મજબૂત બ્રાંડ એમ્બેસેડરની નિમણુંક છે. જેથી વધુ ને વધુ પ્રવાસીઓ રાજ્યની મુલાકાતે આવે.
- ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા વડીલો માટે અનોખી "શ્રવણ તીર્થ દર્શન" યોજના જાહેર કરાઈ છે,૩ રાત્રી અને ૪ દિવસના યાત્રાધામ પ્રવાસ પેકેજના એસ.ટી.ના ભાડાના ૫૦ ટકાના ધોરણે સહાય પૂરી પાડવામાં આવશે. જે રાજ્યમાં યાત્રાધામ પ્રવાસનને વિકસાવવામાં મદદરૂપ થશે.
- પ્રવાસન ઉદ્યોગ વિકસવાને લીધે રાજ્યના વિવિધ જીલ્લામાં વસતા કુશળ-અકુશળ એમ બને પ્રકારના લોકોને રોજગારીમાં ફાયદો થશે. આમ રોજગારીના એક સ્રોત તરીકે પ્રવાસન એક ઉપયોગી સાધન પુરવાર થશે.

- **<u>કચ્છમાં પ્રવાસન:-(Tourism in kutch)</u>**

કચ્છ જીલોએ પ્રવાસનક્ષેત્ર તરીકે પ્રખ્યાત છે કેમકે કચ્છમાં ભારતીય સંસ્કૃતિને નિખારતા અનેક અવશેષો,પુરાતન તત્વો,અભ્યાણો,કચ્છનું સફેદરણ જેવા અનેક જોવાલાયક સ્થળો આવેલા છે. કચ્છની ભાતીગળ સંસ્કૃતિને અને કચ્છના રણને નિહારવા માટે દેશ-વિદેશથી દર વર્ષે અનેક પ્રવાસીઓ ઊમટી પડે છે. હવે આપણે કચ્છ જીલ્લાના જોવાલાયક સ્થળો વિશે થોડી માહિતી મેળવીએ. કચ્છમાં સફેદરણ ઉપરાંત અનેક એવા પ્રવાસન સ્થળો છે જેને નિહારવા દર વર્ષે હજારો પ્રવાસીઓ કચ્છની મુલાકાતે આવે છે, જેમાં આશાપુરા માતાજીનું મંદિર માતાનોમઢ,રાવણના ઇતિહાસ સાથે જોડાયેલું કોટેશ્વર,પૌરાણિક મહત્વ ધરાવતું નારાયણ સરોવર, સુપ્રસિદ્ધ હાજીપીરની દરગાહ,અંજારમાં આવેલી પ્રાચીન જેસલ-તોરલ સમાધિ,ભુજમાં આવેલી છતરડી,કેરા ગામે આવેલી લાખા-ફુલાણીની છતરડી,નખત્રાણામાં આવેલું શિલ્પનું બેનમુન મંદિર તેમજ તેની સાથે જોડાયેલું પુંઅરોગઢ,લખપતનો કિલ્લો તેમજ ત્યાનું ગુરુદ્વારા,કંથકોટ તથા તેરાનો કિલ્લો,આહીરોનું વ્રજવાણી ધામ,ધોરાવીરા,હડપ્પા સંસ્કૃતિનું પ્રાચીન નગર, મોગલધામ,ભુજના આયના તથા પ્રાગમહેલ, માંડવી ગામનું સુપ્રસિદ્ધ વિજયવિલાસ પેલેસ તથા ત્યાંનુંજ જગ ખ્યાતી પામેલું વિન્ડફાર્મ બિચ-દરિયાકિનારો,વાંઢાય,શિવના અદભૂત દર્શનની અનુભૂતી કરાવતું પ્રાચીન પીંગ્લેશ્વર મહાદેવનું મંદિર,ઝારાનું પૌરાણિક ડુંગર,નાનુંરણ તથા મોટારણનું અદ્વિતીય સૌંદર્ય,ગુડથર ધાર્મિક સ્થળ,સચિદાનંદ-અંજાર ખેતાબાપાની છતરડી,રણકાધીએ આવેલું એકલમાતાનું પ્રાચીન મંદિર,શ્રી રુદ્રમાતા ડેમ,કચ્છ મ્યુઝીયમ,ભુજમાં આવેલ શ્રી સ્વામીનારાયણ મંદિર,કચ્છનો સમર્પણ આશ્રમ વગેરે જેવા અનેક જોવાલાયક સ્થળો આવેલા છે જે કચ્છ જીલ્લામાં પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. અને આવુંજ એક પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર એટલે કચ્છ જીલ્લાનો માંડવી તાલુકો હવે આપણે કચ્છના માંડવી તાલુકાનાં સંદર્ભે પ્રવાસનક્ષેત્રનો વિકાસ જોઈએ.

- **<u>કાર્યક્ષેત્ર:- (Work of place)</u>**
- **<u>પ્રવાસનક્ષેત્રના સ્થળ તરીકે માંડવી:-(Mandvi as a tourism place)</u>**

માંડવી ગામ તેના ઈતિહાસ ઉપરાંત અનેક જોવાલાયક સ્થળો અને તેમાંય ખાસ કરીને અહીંનો પ્રખ્યાત,સુંદર અને રમણીય દરિયાકિનારો તથા અહીંની સ્વાદિષ્ટ દાબેલી માટે આ ગામ પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. અહીં સુંદર બીચ ઉપરાંત રાજા-મહારાજાનાં મહેલો,પ્રાચીન મંદિરો,તીર્થસ્થાનો વગેરે જેવા અનેક સ્થળો આવેલા છે જે માંડવીને એક પ્રવાસન સ્થળ તરીકેની ઓળખાણ અપાવી છે એમાંના જ કેટલાક પ્રવાસન સ્થળો આ પ્રમાણે છે જેમાં:

- **<u>વિજયવિલાસ પેલેસ :</u>**-માંડવીથી 8 કિ.મી.નાં અંતરે આવેલું આ પેલેસ રાજવી મહારાવ શ્રી વિજયરાજજીએ બનાવેલો ભવ્ય મહેલ છે જેને નિહારવા દરવર્ષે હજારો પ્રવાસીઓ અહીં આવે છે. હવે આ સ્થળને રાજ્યના પ્રવાસન નિગમે પ્રવાસીઓ માટેના સંભવિત વિકાસ કેન્દ્ર તરીકે ગણાવ્યું છે.
- **<u>શ્યામજી કૃષ્ણવર્મા મેમોરિયલ-ક્રાંતિતીર્થ:-</u>**માંડવી શહેરથી 5 કિ.મી.નાં અંતરે મસ્કા-ગુંદીયાળી ગામ નજીક દરિયાકિનારે ભવ્ય સ્મારક સ્વરૂપે 89.86 એકર જમીન ઉપર 56.318 ચોરસ વર્ગફૂટના બાંધકામ સાથે બનાવવામાં આવેલું છે. જેની શિલાન્યાસ વિધિ તા.4-10-2009નાં રોજ તથા લોકપણ માત્ર 14 મહિનાનાં ટુકાગાળામાં તા.13-12-2010નાં રોજ ગુજરાત રાજ્યના પૂર્વ

મુખ્યમંત્રી તથા વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રમોદીજી નાં હસ્તે કરવામાં આવ્યું હતું. આ ક્રાંતિતીર્થની મુલાકાતે દર વર્ષે હજારોની સંખ્યામાં પ્રવાસીઓ તથા શાળા-કોલેજોનાં છાત્રો આવે છે.

- ❖ <u>ગોધરા-અંબેધામ:-</u>માંડવીથી 15 કિ.મી. દુર અંબેધામ તરીકે ધાર્મિક સ્થળ ગોધરા ખાતે આવેલું છે. ત્યાં ભવ્ય અંબે માતાજીનાં મંદિરનાં દર્શનનો અમુલ્ય લાભ પ્રવાસીઓને મળે છે.
- ❖ <u>વિન્ડફાર્મ બીચ-માંડવી:-</u>માંડવી તેની બે બાબતો માટે અત્યંત પ્રખ્યાત છે એક તો અહીંની સ્વાદિષ્ટ દાબેલી અને બીજું માંડવીનો દરિયાકિનારો.

માંડવી બીચની મુલાકાત લેવા દરવર્ષે હજારો-લાખો પ્રવાસીઓ આવે છે. અહીં ગુજરાત ટુરિઝમ દ્વારા દર વર્ષે ઓક્ટોબર મહિનામાં સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવે છે, જેમાં મ્યુઝીકલ ઓરકેસ્ટ્રા,કચ્છી ફોક ડાંસ, મેજિક શો, ડીજે નાઈટ, ડાયરો, લોકસાહિત્ય જેવી બાબતોની સાથે સાથે જળક્રીડા, ઘોડેસવારી, ઊંટસવારી,બોટિંગ,બલૂનરોપ,અલગ અલગ જાતની ખાણીપીણીની વ્યવસ્થા, હસ્તકલાની દુકાનો આ બધુ જ અહીં આવતા પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. અહીં બીચ પર “નવરાત્રિનાં” નવ દિવસ ગરબાનો આયોજન તથા દર 14 જાન્યુઆરીનાં રોજ “પતંગોત્સવનું” પણ આયોજન કરવામાં આવે છે, જેમાં પણ દેશ-વિદેશનાં અનેક સહેલાણીઓ ભાગ લે છે. ફિલ્મની શુટિંગથી લઈ બોલીવુડ-હોલિવુડ કલાકારો અહીં આવે છે. બોલિવૂડનાં મહાનાયક શ્રી અમિતાભ બચ્ચનજી એ પણ અહીંનો આહલાદ મેળવ્યો છે.

- **<u>પ્રવાસનક્ષેત્રને કારણે માંડવીનો સામાજિક-આર્થિક વિકાસ:-(socio-economic development of mandvi through tourism)</u>**માંડવી બીચ એક મનોરંજક પ્રવાસન સ્થળની સાથોસાથ એક ધંધાકીય પ્રવાસન તરીકે પણ વિકસ્યું છે, જેની સામાજિક – આર્થિક અસરો આ પ્રમાણે છે:

**<u>(અ)આર્થિક અસરો:-(Economic impact)</u>**

- ❖ **<u>રોજગારી:-</u>**પ્રવાસન ઉદ્યોગનો વિકાસ થવાને કારણે રોજગારીની તકોમાં વધારો થયો છે. તેમાંય પ્રવાસન સ્થળની નજીક વસવાટ કરતાં સ્થાનિક લોકોને રોજગારીનો સૌથી વધુ લાભ મળે છે.
- ❖ માંડવી એક એવો સ્થળ છે જ્યાં ઉદ્યોગ પુરતું વિકસી શકે એમ નથી તેવી પરિસ્થિતિમાં પ્રવાસનક્ષેત્ર રોજગારીનું સારું મધ્યમ બની શકે.અહીં પ્રવાસીઓની સંખ્યા વધવાને કારણે દુકાનો,સ્થાનિક લારીવારા, ખાણીપીરી વારા વગેરેને ખુબ જ આર્થિક લાભ થયો છે.
- ❖ **<u>વેપાર-વાણિજય:-</u>**પ્રવાસન સ્થળનાં વિકાસની સાથોસાથ પ્રત્યેક વસ્તુનો વેપાર શક્ય બને છે. રમકડાં, કાપડ, હસ્તકલા આધારિત વસ્તુઓ, બેકરી વગેરે જેવા ધંધાને પ્રોત્સાહન મળે છે જે સ્થાનિક રોજગારીમાં પણ વધારો કરે છે.
- ❖ **<u>હોટલ-ગેસ્ટહાઉસ-ધર્મશાળા:-</u>**પ્રવાસન ઉદ્યોગના વિકાસની સાથે પ્રવાસીઓને રહેવા જમવાની ઉત્તમ સગવડ પુરીપાડવી પડે છે. માંડવીમાં છેલ્લા કેટલાક વર્ષોમાં પ્રવાસીઓની સંખ્યા વધવાને કારણે હોટલ ઉદ્યોગને વેગ મળ્યો છે. છેલ્લા ચાર એક વર્ષોમાં 15 જેટલી નવી હોટલોની સ્થાપના થઈ છે. જે ઉપરથી અંદાજ લગાવી શકાય કે પ્રવાસીઓની સંખ્યામાં કેટલો વધારો થયો છે.આ સાથે ગેસ્ટહાઉસ તેમજ ધર્મશાળાઓની સંખ્યામાં પણ વધારો નોધાયો છે.

**<u>(બ)સામાજિક અસરો :-(Social impacts)</u>**

- ❖ **<u>આરોગ્યના પ્રશ્નો:-</u>**પ્રવાસનના સ્થળે પ્રવાસીઓની સંખ્યા વધવાને કારણે આરોગ્યના પ્રશ્નોનો ઉપસ્થિત થાય છે. દુષિત પાણી ને ખોરાક ની સમસ્યા ઊભી થાય છે. જે તેની આડઅસર છે. વળી ઘણીવાર પ્રવાસીઓ દ્વારા પ્રવાસન સ્થળની આજુબાજુ ગંદકી ફેલાવે છે જેની નકારાત્મક અસર સ્થાનિક રહેવાસીઓને ભોગવવી પડે છે.
- ❖ **<u>પ્રદુષણ:-</u>**પ્રવાસન સ્થળે આનંદથી મહેમાનગતિ માણ્યા બાદ લોકો સ્વગૃહે પાછા ફરતા હોય છે. ત્યારે નકામી ચીજવસ્તુઓ ત્યાં જ છોડી દેતા હોય છે. પાણીના પાઉચ,ખાલી બોટલ,પ્લાસ્ટિકનાં રેપર,વધારાનો નાસ્તો કે ખાવાપીવાની અન્ય ચીજો ગમે ત્યાં ફેકતા હોય છે, જેથી પ્રવાસન સ્થળે પ્રદુષણનું પ્રમાણ વધી જાય છે. માંડવીના દરિયાકિનારે પણ હાલ આવી જ સ્થિતિનું નિર્માણ થયું છે. જેથી સ્થાનિક વાતાવરણ દુષિત બન્યું છે.

❖ **<u>અવરોધો:-(Barriers)</u>**

માંડવીને પ્રવાસનક્ષેત્રે આગળ વધારવાની વાત થાય છે. સુંદર રમણીય માંડવી બીચ ઉપરાંત ક્રાંતિતીર્થ,વિજયવિલાસ પેલેસ અને આસપાસના ગામોમાં આવેલા તીર્થધામો જેમાં પણ સુપ્રસિદ્ધ 72 જિનાલય, ગોધરાનું અંબેધામ વગેરેનો સમાવેશ થાય છે. માંડવી-

એક બંદર તરીકેની ખ્યાતિ લુપ્ત થયા બાદ સ્થાનિક રોજગારીની આશાનું એકમાત્ર કિરણ પ્રવાસનક્ષેત્ર છે, પરંતુ અહીં પ્રશાસન ઊણો ઉતર્યો છે. તેના મુખ્ય કારણો કે અવરોધો નીચે પ્રકારનાં છે:

- છેલ્લા કેટલાક વર્ષોમાં માંડવીબીચ પર પ્રવાસીઓની સંખ્યા વધવાને કારણે બીચ પર યોગ્ય માળખાકીય વ્યવસ્થાના અભાવે આ પ્રવાસીઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.
- બીચ પર દિવાળી વેકેશન દરમિયાન,તહેવારોની ઉજવણી વખતે તથા વીકેંડ દરમિયાન ઘણા પ્રવાસીઓ મુલાકાતે આવતા હોય છે,ત્યારે મોટી સમસ્યા એ ટ્રાફિકની છે.
- પ્રવાસીઓને ટ્રાફિકની લાઈનોમાં ઘણા કલાકો સુધી ઊભવું પડે છે જે તેમના માટે કંટાળાજનક સ્થિતિનું નિર્માણ કરે છે.
- વળી,સ્થાનિક પ્રવાસન વિભાગની ખામીયુક્ત કામગીરી પણ પ્રવાસીઓની મુશ્કેલીમાં વધારો કરે છે.
- બીજું કે અહી આંતરમાળખાકીય સગવડોનો અભાવ વર્તાય છે. જેમકે, અહીંના માર્ગો ક્રમશ: સાંકડા છે જેથી કરીને વીકેંડ દરમિયાન ખાસ કરીને તહેવારોની ઉજવણી વખતે વાહનપાર્કિંગની મોટી સમસ્યા સર્જાય છે. આડેધડ પાર્કિંગ ને લીધે અકસ્માત પણ સર્જાઈ શકે છે.
- રાજ્ય પરિવહનની બસોમાં પ્રવાસીઓને ધ્યાને રાખીને યોગ્ય વ્યવસ્થા નથી કરવામાં આવી.
- થોડા સમય અગાઉ “માંડવી-ઓખા” ફેર્રી સર્વિસ શરૂ થઈ હતી, પરંતુ રેતીની સમસ્યાના કારણે બોટ દરિયાની અંદર ફરજિયાત ઊભી રાખવી પડે છે. પરિણામે ફેર્રી સર્વિસ પણ બંધ કરવાની નોબત ઊભી થઈ.
- વળી,માંડવીમા ઉદ્યોગ માટે યોગ્ય વ્યવસ્થા નથી તેથી જો પ્રવાસનને પણ વિકસાવવામાં ન આવે તો માંડવીનો વિકાસ મુશ્કેલીમાં મુકાય.
- અહીં સ્થાનિક સરકાર દ્વારા પ્રવાસનમાં રોજગારીની તકો ઊભી કરી શકાય તેવા કોઈ ખાસ પ્રયત્નો પણ નથી કરવામાં આવ્યા જેના કારણે અહીંનું યુવાધન વિદેશમાં નોકરી કરવા મજબૂર બન્યો છે તેથી રોજગારીનો પ્રશ્ન વિકટ સ્વરૂપ ધારણ કરી શકે.

- **<u>નિવારવાના ઉપાયો/સુચનો:-(suggestions)</u>**ઉપરોક્ત અવરોધો માંડવી(બીચ)ને એક પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં બાધરૂપ બને છે, આને નિવારવા માટે નીચે મુજબના પગલાઓ લઈ શકાય:-

- માંડવીબીચ નો હજુ વધુનેવધુ વિકાસ થાય તેવા પ્રયાસો કરવા.
- અહીં આવતા પ્રવાસીઓ માટે પ્રાથમિક સગવડો ઊભી કરવી.
- પ્રવાસીઓ અહીં આખો દિવસ પસાર કરી શકે તે માટે વિવિધ મનોરંજનના સાધનો વિકસાવવા.
- અહીં બીચ પર થતી બોટ,સ્કૂટર,ઘોડા અને ઊંટ રાઈડસ પર ભાવ બાંધણું જે બને પક્ષને વ્યાજબી હોય તે રીતે નક્કી કરવું અને તે કાયદેસર થાય તેવી વ્યવસ્થા કરવી.
- બીચ પર કચ્છી આઈટમોંનું વેચાણ માર્કેટ ઊભું કરવું.
- બીચ પર નાહવા પડતાં પ્રવાસીઓના ડુબવાની દુર્ઘટના રોકવા કાયમી વ્યવસ્થા કરવી.
- મોર્નિંગ વોકમાટે વ્યવસ્થા તેમજ એક્સરસાઇઝ માટેના સાધનોની ગોઠવણી કરવી.
- દરિયાની રાત્રીનો નજારો જોવા કચ્છી ઉપરાંત ગુજરાતી સંગીત,ડાયરો જેવા મનોરંજક કાર્યક્રમો અને પ્રવાસીઓ માટે “ઓપન એર થિયેટર” નું નિર્માણ કરવું.
- અન્ય જીલાની શાળાઓમાંથી પ્રવાસે આવતા છાત્રો માટે કચ્છની પ્રાથમિક અને ઉપયોગી જાણકારી માટે કાયમી પ્રદર્શન ગોઠવવું.
- બાળકો માટે ક્રીડાંગણ અને રમતગમતનાં સાધનો વિકસાવવા.

- **<u>સંદર્ભસૂચિ:-(References)</u>**


- k.c.shambhu&jhabindrageali (2014): Analyzing socio-economic impacts of tourism
- Geethikanayroma&w.k. athulagnanapala:Socio-economic impacts on local coommudity through tourism development
- P.lpearee(1994): Tourism resident impacts
- Muneetkumar (1994):The tourism is an economic activity
- Et.al ray (2012): Rural tourism in west bengalindia
- website:www.e-virtalguru.com

- ડૉ.જિજ્ઞાસાબેન ભટ્ટ (2015) ભારત અને ગુજરાતમાં ઊભરતું પ્રવાસનક્ષેત્ર. અર્થસંકલન અંક 545 issn-0976-2086
- પ્રો.ડી.એમ.રોહિત (2015) ગુજરાતનાં પ્રવાસન સ્થળો. યોજના અંક 43
- "સંદેશ" ન્યુઝપેપર તા.23-10-2017 પેજ નં-16 vol-7 નં 98
- "સંદેશ" ન્યુઝપેપર તા.1-12-2017 પેજ નં- 14 vol-7 નં137
- બી.એસ.શાહ પ્રકાશન (2016-17) વ્યવહારમાં માર્કેટિંગ સંચાલન.


**Your thoughts are the architects of your destiny.**
**~ David O. McKay**